ગુજરાત યુનિવર્સિટીનું માસિક મુખપત્ર

# વિદ્યાવૃત્ત

વર્ષ : ૧, અંક : ૩-૪, એપ્રિલ-મે : ૨૦૦૬, મુખ્ય સંપાદક : ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ

સંપાદક મંડળ : ડૉ. વસંત ભટ્ટ, ડૉ. એ. સી. બ્રહ્મભટ્ટ, ડૉ. અર્ચના ધોળકિયા, ડૉ. કીર્તિદા શાહ, પ્રા. સોનલ પંડ્યા

*મુદ્રક અને પ્રકાશક : ડૉ. અરવિંદ ભાંડારી કુલસચિવ* ● *સંયોજક : શ્રી કે. ડી. વોરા, પ્રકાશન અધિકારી*

Arise, awake and stop not till the goal is reached. Awake from the hypnotism of weakness. None is really weak, the soul is infinite, omnipotent and omniscient. Stand up, assert yourself, proclaim the God within you, do not deny Him !

**Swami Vivekananda**

## રહ્યાં વર્ષો તેમાં -

રહ્યાં વર્ષો તેમાં હૃદયભર સૌન્દર્ય જગનું
ભલા પી લે; વ્હીલે મુખ ફર રખે, સાત ડગનું
કદી લાધે જે જે મધુર રચી લે, સખ્ય અહીંયાં;
નથી તારે માટે થઈ જ નિરમી 'દુષ્ટ' દુનિયા.
- અહો નાનારંગી અજબ દુનિયા ! શે સમજવી ?
તને ભોળા ભાવે કરું પલટવા, જાઉં પલટી;
અહંગર્તામાં હા પગ, ઉપરથી, જાય લપટી !
વિસારી હું ને જો વરતું, વરતે તું મધુરવી.
મને આમંત્રે ઓ મૃદુલ તડકો, દક્ષિણ હવા,
દિશાઓનાં હ્રાસો, ગિરિવર તણાં શ્રૃંગ ગરવાં;
નિશા ખૂણે હૈયે શશિકિરણનો આસવ ઝમે;
જનોત્કર્ષ-હ્રાસે પરમ ઋતલીલા અભિરમે.
- બધો પી આકંઠ પ્રણય, ભુવનોને કહીશ હું :
મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું.

**- ઉમાશંકર જોશી**

*

જે જે થતો પ્રાપ્ત ઉપાધિયોગ
બની રહો તે જ સમાધિયોગ.

**- ઉમાશંકર જોશી**

*

ધન જોબન ને ઠાકરી તે ઉપર અવિવેક;
એ ચારે ભેગાં થયાં અનરથ કરે અનેક.

*

ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થ નવ સરે,
મત્સ્યભોગી બગલો મુક્તાફળ દેખી ચંચુ ના ભરે.

## સંપાદકીય...

એપ્રિલ-મે, ગ્રીષ્મનો મધ્યાહ્ન, સૂર્યદેવ તેમના પ્રતાપ સાથે ઉપસ્થિત હોય અને બીજી બાજુ વિદ્યાર્થીઓ તેમની વર્ષભરની સાધનાને અંતે પરીક્ષા આપી પરિણામની પ્રતીક્ષા કરતા હોય અને અધ્યાપકો આખા વર્ષના અધ્યાપન પછી મૂલ્યાંકનની કામગીરીમાં વ્યસ્ત હોય એવી પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓએ વેકેશનના સમયનો સર્જનાત્મક, સાહસિક કે સજ્જતાવૃદ્ધિ કરનાર પ્રવૃત્તિઓમાં જોતરાઈ સદ્‌ઉપયોગ કરવો જોઈએ. કેમકે સરી ગયેલો સમય ક્યારેય પાછો આવતો નથી અને જીવન સમયનું જ બનેલું છે. જન્મથી મૃત્યુના બે બિંદુની વચ્ચેના અંતરાલને આપણે જીવન તરીકે ઓળખીએ છીએ. ભગવાને બધા મનુષ્યોને જીવન તો નાનુંમોટું આપ્યું છે પણ પ્રત્યેક દિવસના કલાક અને મિનિટો તો સરખાં જ રાખ્યાં છે. મહાન સિદ્ધિઓ સંપ્રાપ્ત કરનાર મનુષ્યને દિવસમાં એક કલાક તો શું, એક મિનિટ પણ વધુ નથી મળતી. હા, દિવસની એક એક મિનિટનો કેવો અને કેટલો ઉપયોગ કરવો એ આપણા હાથમાં છે. જો આપણે એનો મહત્તમ સદ્‌ઉપયોગ કરી શકીએ તો જીવનમાં જે ઇચ્છીએ છીએ તે મેળવી શકીએ. માત્ર ઇચ્છા કરવાથી, મનોરથો સેવવાથી સફળતા નથી મળતી, તેને પ્રાપ્ત કરવા માટે પુરુષાર્થ પણ કરવો પડે છે. સુભાષિતકારે કહ્યું જ છે :

उद्यमेन हि सिद्धन्ति कार्याणि न मनोरथैः ।
नहि सुप्तस्य सिंहस्य प्रविशन्ति मुखे मृगाः ।।

જંગલના રાજા સિંહે પણ પોતાનો ખોરાક પ્રાપ્ત કરવા પુરુષાર્થ કરવો પડે છે, મહેનત કરવી પડે છે. સિંહે હરણનો શિકાર કરવો હોય તો હરણ કરતાં પણ ઝડપથી દોડવું પડે છે. એમ કરવામાં તે નિષ્ફળ જાય તો તેને ભોજન પણ મળી ન શકે. આવું જ આપણા માટે છે. જીવનને ટકાવી રાખવા માટે પણ પુરુષાર્થ કરવો પડે અને સફળતા, સિદ્ધિ સંપ્રાપ્ત કરવા તો વિશેષ પ્રયત્ન કરવો પડે. વૈશ્વિક સ્પર્ધાના આ યુગમાં આપણા વિદ્યાર્થીઓ આ બાબતમાં પાછળ ન પડે એવી આશા રાખીએ.

(૨૦-૪-'૬)

**પ્રસાદ બ્રહ્મભટ્ટ**

❑

# ગુજરાત યુનિવર્સિટીનો ૫૪મો પદવીદાન સમારંભ

ગુજરાત યુનિવર્સિટીનો ૫૪મો પદવીદાન સમારંભ લાંબા ગાળા પછી તા. ૧૨-૩-૨૦૦૬ના રોજ યુનિવર્સિટીના ઓપનએર થિયેટરમાં યોજાઈ ગયો. આ ભવ્ય સમારંભનું મુખ્ય મહેમાનપદ ગુજરાત રાજ્યના માનનીય મુખ્યપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ શોભાવ્યું. ગુજરાત યુનિવર્સિટીના કુલાધિપતિ મ.મ. રાજ્યપાલશ્રી નવલકિશોર શર્માની ઉપસ્થિતિથી વાતાવરણમાં એક નવો મિજાજ સૌએ અનુભવ્યો.




મંચ પર ડાબેથી પ્રો. એ. યુ. પટેલ, શ્રી અમીત શાહ, શ્રી નરેન્દ્ર મોદી, મ.મ. રાજ્યપાલશ્રી નવલકીશોર શર્મા, ડૉ. પરિમલ ત્રિવેદી અને ડૉ. અરવિંદ ભાંડારી

કા. કુલપતિશ્રી પરિમલ ત્રિવેદી, પૂર્વ કુલપતિ શ્રી એ. યુ. પટેલ, કુલસચિવશ્રી અરવિંદ ભંડારી, વિવિધ વિદ્યાશાખાઓના ડીનશ્રીઓ, કોર્ટ, એકેડેમિક અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યશ્રીઓ, આચાર્યો, યુનિવર્સિટી ભવનોના નિયામકશ્રીઓ, યુનિવર્સિટીના કર્મચારીઓ, અધ્યાપકો અને અધિકારીઓની ઉપસ્થિતિએ આ પદવીદાન સમારંભને લીલાશથી ભરી દીધો.

વિવિધ વિદ્યાશાખાઓના ચંદ્રકવિજેતા અને પદવી ધારણ કરનારા વિદ્યાર્થીઓ તો આ સમારંભના આત્મારૂપ હતા. આ સમારંભમાં વિદ્યાશાખાનુસાર અર્પણ થયેલ પદવી/ડિપ્લોમા પ્રમાણપત્રોની કુલ સંખ્યા નીચે મુજબ રહી.

વિનયન વિદ્યાશાખામાં ૧૨૬૧૬, વિજ્ઞાન વિદ્યાશાખામાં ૩૪૭૦, ઇજનેરી વિદ્યાશાખામાં ૨૭૭૫, કાયદા વિદ્યાશાખામાં ૧૪૬૩, તબીબી વિદ્યાશાખામાં ૩૫૬, વાણિજ્ય વિદ્યાશાખામાં ૧૫૭૨૪, દંતવિજ્ઞાન વિદ્યાશાખામાં ૨૩, ફાર્મસી વિદ્યાશાખામાં ૧૯૧, શિક્ષણ વિદ્યાશાખામાં ૧૯૮૦ એમ કુલ ૩૮૫૯૮ને પદવી અર્પણ થઈ. પદવીધારી તેજસ્વીતા વિદ્યાર્થીઓના પ્રફુલ્લ ચહેરા અને તેમના હસ્તકમળમાં શોભતા ચંદ્રકોથી સમગ્ર પરિવેશમાં એક નૂતન આભામંડળ રચાયું. એમાં સુગંધ ઉમેરાઈ વિદ્યાર્થીઓના વાલીઓ અને મિત્રોની અસ્ખલિત તાળીઓના ગડગડાટની. પદવીધારી તેજસ્વી યુવાન વિદ્યાર્થીઓ આપણું ધન છે. દેશની પાયાની ઈંટ છે. તેમનાથી જ આ દેશની ધરોહર મજબૂત બની છે અને બનશે. વિદ્યાર્થીઓની તેજસ્વિતા અને ઉત્સાહને દ્વિગુણિત કરવા માટે સમારંભના મુખ્ય મહેમાનશ્રી જેમણે શિક્ષણક્ષેત્રે પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે તે શ્રી નરેન્દ્ર મોદીએ આશીર્વચન સાથે પ્રેરક પ્રવચન આપ્યું.

શ્રી મોદીએ કહ્યું કે વૈજ્ઞાનિક અભિગમ અને જાણવાની ઇંતેજારી આવશ્યક ગુણો છે જે વ્યક્તિને એ સત્યનું ભાન કરાવે છે કે પોતે એક મહાન વિશ્વનો એક અંશ છે. આવી સમજ તેને કર્તવ્ય તરફ દોરી જાય છે. તેમણે ઉમેર્યું કે મને યુવાશક્તિમાં અતૂટ વિશ્વાસ છે. તમારી પાસે શક્તિ, પ્રામાણિકતા અને હિંમત છે જે મૂળભૂત પરિવર્તન લાવી શકવા સમર્થ છે. જીવનમાં સફળતા મેળવવા માટે શ્રી મોદીએ બે ચાવી આપી. નિષ્ફળતાઓથી નિરાશ થવું નહીં. નીચે પડતાં ગભરાવું નહીં. બીજું, ભૂતકાળને બહુ વાગોળવો નહીં અને જે બની ગયું છે તેનો શોક ન કરવો. નિષ્ફળતાઓ અને નિરાશાઓ આગળ વધવામાં બાધારૂપ ન બનવી જોઈએ. રાજ્યપાલશ્રીએ અને અમદાવાદના મેયરશ્રીએ પણ પદવીધારી વિદ્યાર્થીઓને શુભેચ્છા અને આશીર્વચન પાઠવ્યાં.

કુલસચિવશ્રીએ મહેમાનો, વાલીઓ અને શ્રોતાઓની હાજરીની નોંધ લઈ હૃદયથી આભારની લાગણી વ્યક્ત કરી.

આમ, ગુજરાત યુનિવર્સિટીનો ૫૪મો પદવીદાન સમારંભ ભવ્યતાથી અને જાહોજલાલીપૂર્વક યુનિવર્સિટી પ્રાંગણના કડવા લીમડાના ઠંડા પવન અને ઢળતી સાંજની સાખે સ્મરણીય બની રહે તે રીતે ઊજવાઈ રહ્યો.

(ડૉ. કીર્તિદા શાહ)



❑

# અનુસ્નાતક ભવનોની ગતિવિધિ

## ફારસી-ઉર્દૂ વિભાગ

વિભાગ તરફથી તા. ૧૩ ફેબ્રુઆરીથી તા. ૧૬ ફેબ્રુઆરી ૨૦૦૬ દરમ્યાન 'સિક્કા અને સ્થાપત્ય સેમિનાર'નું આયોજન કરવામાં આવ્યું.

તા. ૧૩ ફેબ્રુઆરીના ઉદ્‌ઘાટન સમારંભમાં અતિથિવિશેષ તરીકે પધારેલ ખ્યાતનામ વિદ્વાન પ્રો. હરિપ્રસાદ શાસ્ત્રી સાહેબે ચાવીરૂપ પ્રવચન આપ્યું. તેમણે સિક્કાઓના આરંભનો ઇતિહાસ વર્ણવી, સિક્કાઓની ઐતિહાસિક, સાંસ્કૃતિક અને રાજકીય અગત્ય સમજાવી. આપે પોતાની જૈફ વયે પણ વિદ્યાપ્રેમને કારણે આ નૈતિક જવાબદારી સ્વીકારી શ્રોતાઓને સિક્કાશાસ્ત્ર વિષે પાયાનું જ્ઞાન આપ્યું. આ સમારંભનું પ્રમુખસ્થાન ભાષાસાહિત્ય ભવનના ડાયરેક્ટર અને સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. વસંતભાઈ ભટ્ટ સાહેબે શોભાવ્યું.



ત્યાર બાદ પ્રથમ બેઠકમાં ડૉ. ભારતીબહેન શેલતે 'ભારતીય સિક્કાઓનો ઇતિહાસ' પર ખૂબ રસપ્રદ અને માહિતીસભર પ્રવચન આપ્યું. જ્યારે બીજી બેઠકમાં ડૉ. મો. ઝુબેર કુરેશીએ 'મુગલ સલ્તનત કાળના સિક્કાઓ' પર અતિ ઉપયોગી પ્રવચન આપતાં એ સિક્કાઓનો ઉલ્લેખ કર્યો જેની ઉપર લખાણો ફારસી ભાષામાં મળે છે. એવા સિક્કાઓનો પણ ઉલ્લેખ કર્યો જેની એક તરફ ફારસી લખાણ છે તો બીજી તરફ સંસ્કૃત લખાણ છે. એવા સિક્કાઓનો પણ પરિચય આપ્યો જેમાં આપણા દેશની ગંગાજમની સંસ્કૃતિનો સમન્વય જોવા મળે છે.

તા. ૧૪ ફેબ્રુઆરીએ પ્રથમ બેઠકમાં ડૉ. દેવિકાબહેન પંડ્યાએ 'ગુજરાત સલ્તનત કાળના સિક્કાઓ' વિષે ખૂબ મનનીય પ્રવચન આપ્યું અને સ્લાઇડ્સ બતાવી તેની સમગ્ર માહિતી ઊજાગર કરી. ત્યાર બાદ ભો. જે. વિદ્યાભવન ખાતે સંગૃહીત સિક્કાઓનું નિદર્શન કરવામાં આવ્યું. અપ્રાપ્ય અને અગત્યના સિક્કાઓ બતાવવામાં ડૉ. મો. ઝુબેર કુરેશી, નયનાબહેન અને મનીષાબહેને મદદ કરી.

તા. ૧૫મી ફેબ્રુઆરીએ પ્રથમ બેઠકમાં ડૉ. રશ્મિબહેન ઓઝાએ 'ગુજરાતની વાવોનું સ્થાપત્ય' વિષે ખૂબ દિલચસ્પ માહિતી સાથે વક્તવ્ય આપતાં પાણીની ઉપયોગિતા અને માવજત વિષે ખ્યાલ આપતાં સ્લાઇડની મદદથી અડાલજની વાવ, રાણકી વાવ અને અન્ય ગુજરાતની વાવોની બેનમૂન કલાકારીગરી વષે ચર્ચા કરી.

જ્યારે બીજી બેઠકમાં ડૉ. થોમસ પરમારે 'મંદિર સ્થાપત્ય કલા' વિષે મંદિરના બાંધકામની શરૂઆત, તેમાં થતો વિકાસ અને તેની સ્થાપત્ય કલા વિષે સ્લાઇડસની મદદથી વિસ્તારપૂર્વક ચર્ચા કરી.

૧૬ ફેબ્રુઆરીની પ્રથમ સભામાં આચાર્યશ્રી સુભાષ બ્રહ્મભટ્ટ સાહેબે' મુસ્લિમ સ્થાપત્ય કલા' વિષે વક્તવ્ય આપતાં મસ્જિદના સ્થાપત્યમાં Social Aspect ઉપર ચર્ચા કરતાં તેનાં બાંધકામમાં જોવા મળતી હિંદુ સ્થાપત્યની કલાકારીગરીની ઝાંખી કરાવી. અહમદાબાદ શહેરની 'રાની રૂપમતીની મસ્જિદ' અને 'રાની સિપ્રીની મસ્જિદ'ની બેનમૂન સ્થાપત્ય કલા વિષે સ્લાઇડ્સ બતાવી ખૂબ રસપ્રદ માહિતી આપી.

સમાપન સભામાં ડૉ. જિતેન્દ્ર શાહ, જેઓ લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યા મંદિરના નિયામક છે, તેમણે અતિથિવિશેષ તરીકે હાજર રહી ફારસી-ઉર્દૂ વિભાગ તરફથી ભારતીય સંસ્કૃતિ પર આધારિત આવા સેમિનારના આયોજન બદલ ખુશીની લાગણી વ્યક્ત કરી અને આજની યુવા પેઢીને આપણા ભારતીય સંસ્કૃતિના વારસાને ઓળખી તેની માવજત કરવાની સલાહ આપી. જિતેન્દ્રભાઈએ ખાસ ઉલ્લેખ કર્યો કે આપણા દેશમાં પ્રવાસીઓને આકર્ષવા માટે વિપુલ પ્રમાણમાં ખજાનો છે પરંતુ આપણાં જ બાળકો તેનાથી અજ્ઞાત છે. તે અજ્ઞાનતા દૂર કરવા આવા સેમિનારો યોજવાની ખૂબ જરૂર છે.

અંતમાં વિભાગના અધ્યક્ષ અને સેમિનારના આયોજક ડૉ. ચાંદબીબી શેખે આભાર વિધિ નિમિત્તે જણાવ્યું કે જ્યારે આપણે આ વર્ષને પ્રવાસન વર્ષ તરીકે ઊજવી રહ્યા છીએ ત્યારે આવા કાર્યક્રમની ઉપયોગિતા વધી જાય છે. કાર્યક્રમની સફળતા માટે સૌનો આભાર વ્યક્ત કર્યો. વિશેષ ભાષાભવનના ડાયરેક્ટરશ્રીનો આભાર સ્વીકાર્યો.

(C. A. Sheikh)

❑

*હમકો મિટા સકે યહ જમાને મેં દમ નહીં,*
*હમસે જમાના હૈ, જમાને સે હમ નહીં.*

## મનોવિજ્ઞાન વિભાગ

**વિશિષ્ટ સન્માન :**

(i) મધુ રતવાનીએ એમ.એ.-૧માં છોકરીઓમાં સૌથી વધુ ગુણ મેળવવા બદલ 'એકલવ્ય એક્સેલન્ટ ઍવૉર્ડમાં પ્રમાણપત્ર અને સ્કૉલરશીપ પ્રાપ્ત કરી.

(ii) ડૉ. એમ. બી. પંચાલ (અધ્યક્ષ, નવગુજરાત કૉલેજ)ની મુલાકાતી અધ્યાપક તરીકે ૧૯૭૩થી ૨૦૦૫ (પ્રથમ સત્ર સુધી)ની સેવા બદલ મનોવિજ્ઞાન વિભાગ તરફથી સ્મૃતિભેટ દ્વારા સન્માન.

(iiI) ડૉ. શ્રદ્ધા રાય (અધ્યક્ષ, એસ. વી. આર્ટ્સ કૉલેજ અને ભવનનાં ભૂતપૂર્વ વિદ્યાર્થિની)નું Ph.D.ની પદવી મેળવવા બદલ મનોવિજ્ઞાન વિભાગ તરફથી સ્મૃતિભેટ દ્વારા સન્માન.

**ડૉ. અશ્વિન જનસારી :**

(i) `પોઝિટિવ હેલ્થ' વિષય પર ઝૂ કીપર્સ તાલીમ પ્રોગ્રામમાં વ્યાખ્યાન.

(ii) `સલાહનાં મૂળ તત્ત્વો'ની અભ્યાસ-સામગ્રીના પરામર્શક તરીકે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ.માં સેવા આપી.

(iii) 'ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે સાંવેગિક બુદ્ધિ માપદંડ કસોટીની રચના અને પ્રમાણીકરણ'ના Ph.D.ના કાર્યમાં માર્ગદર્શન પૂરું પાડ્યું.

# ગુટાની ગતિવિધિ

## માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ ઉપર વ્યાખ્યાન અને અભિવાદન

ગુજરાત યુનિવર્સિટી ટીચર્સ એસોસિએશન દ્વારા તારીખ ૧૧-૩-૨૦૦૬ના રોજ ઝુઓલોજી વિભાગના સભાગૃહમાં બપોરે ૨થી ૪ દરમ્યાન માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ની માહિતી આપતા વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલું.

આ કાયદા દ્વારા ભારતીય નાગરિકો વિવિધ પ્રકારનાં તંત્રો પાસેથી માહિતી મેળવવા અધિકૃત બન્યા છે ત્યારે શૈક્ષણિક સંસ્થાઓ પણ આ કાયદા અન્વયે માહિતી આપવા બંધાયેલ હોય, તે માટે મદદનીશ માહિતી અધિકારી કે અન્ય પદાધિકારી તરીકે શિક્ષકની નિમણૂક કરવામાં આવી હોય ત્યારે તેમની ફરજ અસરકારક રીતે, ચૂક કર્યા વિના નિભાવી શકે તે માટે અને જો કદાચ શિક્ષકની આવા પદ ઉપર નિમણૂક




ડાબેથી ડૉ. અરવિંદ ભાંડારી, ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ, ડૉ. કૌશિક રાવલ અને ડૉ. પરિમલ ત્રિવેદી

ન થઈ હોય ત્યારે પોતાને જોઈતી માહિતી અથવા સમાજના પીડિત, શોષિત કે તંત્રની હેરાનગતિનો ભોગ બનેલ નાગરિકોને આ કાયદાની મદદથી તેમના અધિકારો અપાવવામાં નિમિત્ત બની શકે તેવો આશય 'ગુટા'નો રહ્યો છે.

વ્યાખ્યાન માટે વિષયનિષ્ણાત તરીકે પ્રથમ ભાગમાં, ડૉ. કૌશિક સી. રાવલે જણાવ્યું હતું : આ કાયદાની શરૂઆત, ઇતિહાસ અને તેના મૂળ બંધારણમાં છે તથા સર્વોચ્ચ અદાલતે આપેલા ચુકાદાઓ મુજબ અનુચ્છેદ ૧૯(૧)એ, માં વાણી-સ્વાતંત્ર્ય અને અભિવ્યક્તિના સ્વાતંત્ર્યમાં, માહિતી મેળવવાનો અધિકાર પણ સમાયેલ છે. એમ સર્વોચ્ચ અદાલતે, સ્ટેટ ઑફ ઉત્તર પ્રદેશ વિ. રાજનારાયણ [એઆઈઆર ૧૯૭૫ સૂકો ૮૬૫] અને એસ.પી. ગુપ્તા વિ. યુનિયન ઑફ ઇન્ડિયા [એઆઈઆર ૧૯૮૨ સૂકો ૧૪૯]ના ચુકાદામાં વિસ્તૃત છણાવટ કરતાં જણાવેલ છે કે લોકશાહીમાં સરકારની કાર્યરીતિ અને જવાબદારી તેમજ કામ કરવાની રીત વિશેની માહિતી નાગરિકોને હોવી જરૂરી છે જેથી નાગરિકો લોકશાહીની પ્રક્રિયામાં સહભાગી થઈ શકે.

આપણા દેશમાં માહિતીના અધિકારનો કાયદો કરવાની શરૂઆત ઑક્ટોબર, ૧૯૯૫માં લાલબહાદુર શાસ્ત્રી નૅશનલ એકેડેમી ઑફ એડમિનિસ્ટ્રેશન, મસુરી ખાતે સનદી અધિકારીઓ, કર્મશીલો અને વકીલોની બેઠક મળી હતી. તેમાં આ પ્રકારના કાયદા વિશે વિચારણા થઈ હતી. ત્યારબાદ અસરકારક અને જવાબદાર સરકાર માટે રાષ્ટ્રિય કક્ષાની સચિવોની બેઠક દિલ્હી ખાતે ૧૯૯૬માં અને મુખ્ય પ્રધાનોની કૉન્ફરન્સ ૧૯૯૭માં મળી હતી. જેમાં વહીવટીતંત્રને જવાબદાર અને પારદર્શક તથા 'સિટિઝન ફ્રેન્ડલી' બનાવવા માટે માહિતીનો અધિકાર મળે તે માટે અધિકારીઓને પ્રેરવામાં આવ્યા હતા.

(૨) બીજા વક્તા શ્રી હરિણેશ પંડ્યા(મંત્રી જનપથ)એ

જણાવ્યું હતું કે આ કાયદો અમલમાં આવતા પહેલાં ૧૨૦ દિવસ વિવિધ તંત્રોને આ કાયદા અન્વયે બનાવવાના મોડ્યુલ્સની તૈયારી માટે આપવામાં આવ્યા હતા તેમજ તંત્રોએ અમુક નિયત માહિતી સૂચના-ફલક તથા વેબસાઇટ ઉપર 'પ્રોએક્ટિવ ડિસ્ક્લોઝર' તરીકે મૂકવાની હતી જેથી સામાન્ય નાગરિકોને સરળ રીતે જરૂરી પ્રાથમિક માહિતી માંગવા અરજી જ કરવાની જરૂર ન પડે. આપણે ત્યાં આ કાયદો ગોવા અને રાજસ્થાન રાજ્યમાં થોડા સમય પહેલાં અસ્તિત્વમાં હતો જ્યારે સ્વીડનમાં આશરે ૨૦૦ વર્ષથી અમલમાં છે.

આ કાયદા નીચે આવરી લેવામાં આવેલી સંસ્થાઓ, તેમની જવાબદારી, કાર્યરીતિ તેમજ તેનાથી નારાજ પક્ષકારે ક્યાં અપીલ કરવાની છે તે તેમજ માહિતી કમિશન તથા માહિતી માંગવાની અરજી રજૂઆત, ફી તથા ૩૦ દિવસમાં સામાન્ય રીતે માહિતી મળવી જોઈએ અને જો કોઈના જીવન સાથે સંકળાયેલ માહિતી હોય તો ૪૮ કલાકમાં આપવાની જોગવાઈ તથા માહિતી અધિકારી અને માની લીધેલા માહિતી અધિકારી તથા જે તે ખાતાને અરજી તબદિલ કરવાની જોગવાઈ તેમજ માહિતી, ખોટી, અધૂરી, અયોગ્ય તથા અનાદર કરે કે પુરાવાનો કે માહિતીનો નાશ કરે ત્યારે કોની અને કેવી જવાબદારી તથા દંડની વિગતે ચર્ચા કરી હતી.

ઉપરોક્ત બંને વ્યાખ્યાનો પાવરપોઇન્ટ દ્વારા પડદા ઉપર પણ રજૂ કરવામાં આવેલ હતાં. આ ગુટાનો પ્રથમ નવતર પ્રયોગ હતો જેમાં ઘણી મોટી સંખ્યામાં શિક્ષકોએ હાજરી આપી હતી.

કાર્યક્રમના બીજા ભાગમાં ગુ.યુનિ.ના કાર્યકારી કુલપતિ અને ઉપકુલપતિ શ્રી પરિમલભાઈ ત્રિવેદી એસ.પી. યુનિ.માંથી ફિઝિક્સ વિષયમાં પીએચ.ડી. થતાં તેમનું ગુટા તરફથી અભિવાદન કરવામાં આવ્યું. 'ગુટા'ના ભૂતપૂર્વ મંત્રી અને ભાષાભવનના ભાષાવિજ્ઞાનના પ્રોફેસર ડૉ.અરવિંદ ભાંડારીની નિમણૂક ગુ.યુનિ.ના કુલસચિવ તરીકે થતાં ગુટાએ તેમનું પણ અભિવાદન કર્યું. સમાજશાસ્ત્રનાં પ્રા. લીના બાદશાહને ગુ.યુનિ.એ પીએચ.ડી.ની પદવી પ્રદાન કરી તેથી તેમનું અને તાજેતરમાં યુનિ.ના વિવિધ વિભાગોમાં નવા જોડાયેલા અધ્યાપકોનું પણ ગુટાએ ઉષ્માપૂર્વક અભિવાદન કર્યું. કા. કુલપતિશ્રી ડૉ. પરિમલ ત્રિવેદી અને કુલસચિવ ડૉ. અરવિંદ ભાંડારીએ અભિવાદન માટે આભાર માની યુનિ.ના વિકાસ માટેની પ્રતિબદ્ધતા પ્રગટ કરી. ગુટાના અધ્યક્ષ ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટે પ્રારંભે પ્રાસ્તાવિક ભૂમિકામાં યુનિ.નો વિકાસ કેવી રીતે થઈ શકે એ અંગે સૂચનો કર્યાં હતાં. અને ડૉ. નિશા રમ્પાલે આભારદર્શન કર્યું હતું. ❑

## ઍકેડેમિક સ્ટાફ કૉલેજની વેબસાઇટનું ઉદ્‌ઘાટન

માહિતીની ઝડપી આપ-લે થઈ શકે તેમજ નવીન ટૅક્નૉલોજીનો શ્રેષ્ઠ અને મહત્તમ ઉપયોગ કરી શકાય તે હેતુથી ઍકેડેમિક સ્ટાફ કૉલેજ, ગુજરાત યુનિ., અમદાવાદ દ્વારા તેમની વેબસાઇટ www.ascgujarat.org તૈયાર કરવામાં આવેલ છે. જેને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા તા. ૧૨-૩-૨૦૦૬ના રોજ લોકોપયોગ માટે ખુલ્લી મૂકવામાં આવી હતી.

હવે આ વેબસાઇટનો ઉપયોગ કરી ઑનલાઇન ફૉર્મ ભરી શકાશે. ડ્રાફ્ટ અને આપનુ ફૉર્મ ASCમાં પહોચેલ છે કે કેમ તે જાણી શકાશે, આપને ઓરિએન્ટેશન પ્રોગ્રામ કે રીફ્રેશર



ઍકેડેમિક સ્ટાફ કૉલેજ, ગુજરાત યુનિ.ની વેબસાઇટ ને ખુલ્લી મૂકતા ગુજરાતના માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી




કોર્સમાં પ્રવેશ મળ્યો છે છકે કેમ તે જાણી શકાશે તેમજ કોલ લેટર પણ ડાઉન લોડ કરી શકાશે. ❑

## કવિતા અને તત્ત્વબોધ પર કાવ્યસત્ર



ડાબેથી ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ, ડૉ. ધીરુ પરીખ, ડૉ. ચન્દ્રકાન્ત શેઠ અને પ્રો. નિરંજન ભગત

ઍકેડેમિક સ્ટાફ કૉલેજના સહયોગથી કવિલોક ટ્રસ્ટે બે દિવસનું છઠ્ઠું કાવ્યસત્ર 'કવિતા અને તત્ત્વબોધ' વિષય પર તા. ૧ અને ૨ એપ્રિલ ૨૦૦૬ના રોજ યોજ્યું.

તા. ૧ એપ્રિલ ૨૦૦૬, શનિવારે સવારે નવ વાગ્યે પ્રથમ બેઠક શરૂ થઈ. કવિલોક ટ્રસ્ટના ટ્રસ્ટી ડૉ. ધીરુ પરીખે ભૂમિકા રજૂ કરી. પ્રો. નિરંજન ભગતે કવિતા અને તત્ત્વબોધ વિશે સૈદ્ધાંતિક રજૂઆત કરી. પછી ડૉ. ચન્દ્રકાન્ત શેઠે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં અને ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટે અર્વાચીન ગુજરાતી કવિતામાં તત્ત્વબોધનું નિરૂપણ કેવી રીતે થયું છે તેની સોદાહરણ ચર્ચા કરી.

બીજી બેઠક બપોરે ૨ વાગ્યે શરૂ થઈ. તેમાં ડૉ. કુમારપાળ દેસાઈએ નરસિંહ પૂર્વેની કવિતામાં તત્ત્વબોધ કેવી રીતે નિરૂપાયો હતો તેની વાત કરી. ડૉ. હસુ યાજ્ઞિકે લોકકવિતા સંદર્ભે તત્ત્વબોધની ચર્ચા કરી અને ડૉ. સુષમા કોરોગલે મરાઠી કવિતા સંદર્ભે.

બીજી બેઠક પછી પાંચ વાગ્યે ડૉ. રઘુવીર ચૌધરીની અધ્યક્ષતામાં કવિસંમેલનનું આયોજન થયું જેમાં પચીસેક કવિઓએ કાવ્યપઠન કર્યું.

તા. ૨ એપ્રિલ, ૨૦૦૬ના રોજ સવારે નવ વાગ્યે કાવ્યસત્રની ત્રીજી બેઠક શરૂ થઈ. ડૉ. ભોળાભાઈ પટેલે બંગાળી કવિતા, ડૉ. રઘુવીર ચૌધરીએ હિન્દી કવિતા અને ડૉ. અનિલા દલાલે અંગ્રેજી કવિતામાં તત્ત્વબોધ કેવી રીતે નિરૂપાયો છે એ અંગે વાત કરી.

ત્રણે બેઠકમાં ઉપસ્થિત સિત્તેરેક સહભાગીઓએ વક્તવ્યો પછી ચર્ચા કરી કાવ્યસત્રને જીવંત અને સફળ બનાવ્યું. ❑

## એકલવ્ય સ્કૉલરશીપ ઑફ એક્સેલન્સ




ડાબેથી ડૉ. વી. ચારી, ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ અને પ્રો. વી. પી. ભારદ્વાજ.

એકલવ્ય એજ્યુકેશન ફાઉન્ડેશનના ઉપક્રમે ગુજરાત યુનિ.ના સમાજવિદ્યાભવનમાં તા. ૮-૩-૨૦૦૬ના રોજ ઇતિહાસ, અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર વિષયમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને 'એકલવ્ય સ્કૉલરશીપ ઑફ એક્સેલન્સ' સ્કૉલરશીપ આપવાનો સમારંભ ઍકેડેમિક સ્ટાફ કૉલેજના ડાયરેક્ટર ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટના અધ્યક્ષસ્થાને યોજાયો. આ પ્રસંગે ફાઉન્ડેશનના કો-ઑર્ડિનેટર શ્રી અનંત પાધ, સમાજવિદ્યા ભવનના નિયામક પ્રો. વી. પી. ભારદ્વાજ અને સ્કૂલ ઑફ કૉમર્સનાં રીડર ડૉ. વી. ચારી ઉપસ્થિત રહ્યાં હતાં. ત્રણે વિષયના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.

❑

## Academic Staff College

Gujarat university, Ahmedabad-380 009.

**Refresher & Orientation Courses (2006-2007)**

| No. | Subject | Date |
|---|---|---|
| 1 | Education | 18/04/06 to 08/05/06 |
| 2 | Sanskrit | 08/06/06 to 28/06/06 |
| 3 | Orientation | 06/06/06 to 03/07/06 |
| 4 | Gujarati | 04/07/06 to 24/07/06 |
| 5 | Environmental Sciences (All biological & Marine Sciences, Geography, Physics, Chemistry, Mathematics, Sociology & Economics | 11/07/06 to 31/07/06 |
| 6 | Orientation | 01/08/06 to 28/08/06 |
| 7 | Human Rights (Sociology, Political Science & Law) | 24/08/06 to 13/09/06 |
| 8 | Commerce Management | 14/09/06 to 13/09/06 |
| 9 | Chemistry | 26/09/06 to 16/10/06 |
| 10 | Orientation | 02/11/06 to 29/11/06 |
| 11 | Computer Science | 07/11/06 to 27/11/06 |
| 12 | English | 05/12/06 to 25/12/06 |
| 13 | Economics | 12/12/06 to 01/01/07 |
| 14 | Life Sciences (Botany, Zoology, Micro Biology) | 03/01/07 to 23/01/07 |
| 15 | Orientation | 29/01/07 to 25/02/07 |

16 Research Methodology (All subjects) 05/02/07 to 25/02/07

Workshop

1 Principals' Workshop 13/10/06 to 15/10/06

2 Workshop for Administrative Officers of The University 01/03/07 to 03/03/07

Note :
* Application form is available on request to ASC office with self addressed stamped (Rs. 10) A4 envelop.
* Application form is also available on our website www.ascgujarat.org
* Application for a programme must reach the office at least 45 days prior to the commencement of the programme.
* Applicant for Refresher Course should specify course in application form.

## Refresher Course in Chemistry

**2nd Refresher Course in Chemistry held from 2nd February to 27th February 2006 in Chemistry Department. School of Sciences, Gujarat University, Ahmedabad.**

Refresher Course was inaugurated by Prof. Parimal Trivedi, Pro-vice Chancellor, Gujarat University and by Dr. M. N. Desai.

| | |
|---|---|
| Total participants appeared | 47 |
| Local participants | 22 |
| Outside Ahmedabad participants | 25 |
| Total resource persons visit and give their lectures | 27 |

**Review about refresher course**




from left Dr. Jagadish Joshi, Dr. Prasad Brahmbhatt, Dr. Dr. Arvind Bhandari and Dr. U. C. Pande

The resource persons were invited from University Department to give talk on the topics which are closely related with the teaching of participants. Seven resource persons were invited National Labs to introduce some wide aspects of the subject.

**Review about participants**

The break up of local and outside participants is given. The participants took part enthusiastically and carried out the different parts of the course. They appeared in the test and gave the seminar.

Validictory function on 27th february, 2006 presided by Prof. Arvind Bhandari, Registrar, Gujarat University, Ahmedabad. ❑

## Fifth Refresher Course in `English Language and Literatures'




The 5th Refresher Course in `English Language and Literatures' commenced on 09 March and ended on 29 March 2006. There were 32 participants representing four states: Gujarat, Rajasthan, Kerala and Orissa. There were altogether 64 sessions and 22 speakers covering a wide range of topics such as Modernism, Postmodernism, Canadian Literature, Diaspora writing, Colonialism, Postcolonialism, Plural Texts, American Poetry, Literary Theories, Translation Theories, Contemporary Indian Literature, the Theatre of the Absurd, Indian Asesthetics and its application to texts, Multiculturalism, new Historicism, Feminism, Language learning Skills and ELT in India.

There were also sessions set appart for Computer orientation.

The participants were assessed on the basis of their individual performance in the paper presentation, interation within the class, the book review submitted by them and finally a test paper conducted to evaluate their grasp of the lecture sessions.

The inaugural ceremony was held in the Seminar Room of the School of Social Sciences. Prof. Ranjana Harish, coordinator of the refresher course in English Studies, Gujarat University, welcomed the audience. Dr. Prasad Brahmbhatt, Director of the Academic Staff College, Gujarat University, Who presided over the inaugural session, emphasized the importance of the role of dedicated and resourceful teachers in the building up of the nation and culture. This was followed by words of encouragement and blessings by Guest of honour, Padmashree Sitanshu Yasheshchandra, a well-known Gujarati poet and literary




critic from M. S. University, Baroda. The inaugural address was delivered by Dr. Ravi Chandra, Prof and Head of the Dept. of English, University of Mysore. Dr. Jagdish Joshi, Dr. Director, Academic Staff College, Gujarat university proposed a vote of thanks. He also drew the participants attention towards the modus operandi of the course and the UGC guidelines governing it.

We would like to place on record a few lectures which deserve special mention with regard to their intellectual content, contemporary relevance and effective presentation. Padmashree prof. Sitanshu Yasheshchandra spoke on ``Interrogating `Literature' and `India' in Indian Literature." The lecture shot at the participants the following questions: What is `Indian' Literature ? What is the notion of literature ? Is there `Indian literature' or are there `indian literatures' ? Then he traced the history of Indian literature beginning with the Sanskrit, prakrit, apabrahnsha and paishachi forms of writing. His wide canvas stretched from the 9the century Sanskrit literature to the 20th century Indian Diasporic writing. He argued emphatically that the multiplicity of world views and the multiplicity of literatures produced in India shouled be accommodated and taken into account while studying Indian literature in terms of authorship, readership and text. The participants engaged themselves in a fruitful intellectual discussion with the resource person, presenting their observations as well as seeking clarifications.

Prof Ravi Chandra very successfully analyzed the important concepts of Paul Virilio's book Open Sky which has a lot of significance in the fragmented and iert existence of the modern man in a teletopia of the present technologizal world.

Prof O. P. Juneja, M. S. University Gujarat, engaged to sessions where he spoke on Candadian Literature introducing the participants to the growth and development of Canadian Literature and Canadian Studies from the beginning up to the present day critical prespective on Canadian Studies.

Dr. Bharati Harishankar from Madras University spoke very lucidly on various new terms and expressions relevant in the current critical circles and literary discussions. She presented Homi Bhabha's concepts of liminality and interstice with regard to the interpretation of literary texts.

She also presented the concept of ``Queer Theory" which in an upcoming area in the present critical language. The open-ended positioning of the critic, according to her, is the necessary perspective that a critic should have in order to carry out a healthy intellectual dialogue with the text.

Prof. E. V. Ramakrishnan from South Gujarat university spoke about contemporary ``Indian Litrerature and Indian Literature in English transtration" and excited the audence towards the necessity of engagine oneself in the process of translation which is an inherent nature of all English teachers.

Prof. Indira Nityanandnam from nav Gujarat Arts College, Ahmedabad spoke on ``Contemporary Indian Writing in English with Special Reference to the Writings of Amitav Ghosh."

Prof. Rama Nair from Osmania University, Hyderabad, elaborated the value and beauty of Indian Aesthetics and a practical valorization of this in the analysis of literary texts such as Robert Browing's ``My Last Duchess," The Guide by R. K. Narayan, The Great Gatsby by Scott Fitzgerald and Ape and Essence by Aldous Huxley.

Prof. Riho Isaka, an erudite Japanese Scholar and Prof. of Area Studies Centre of Tokyo University, presented two sessions introducing the participants to the culture and Language situation in Japan. We were highly excited by her attempts to translate Amitav Ghosh's Shadow Lines because it was a take of making hereself familiar with the history, culture and languages of India in which the novel is set.

Apart from academic inputs, the refresher course also provided the participants with a slice of the vibrant Gujarti clture. As the Festival of Colours fell during the course, we were specially privileged to make it a memborable event by spereading friendship and freatemity through singing and dancing and sharing sweets. We were able to be once again children participating in the play of Colours. Since there were participants from outside Ahmedabad it was necessary to introduce them to the culture and the important spots of the cities of Ahmedabad and Gandhinagar. So one day was set apart for a guided tour of the two cities.

We thank all resource persons who made this intellectual feast a rewarding experience. We are grateful to the director and both the teaching and non-teaching

staff members of the Academic Staff College Gujarat University for making this a very enlightening and entertaining experience for us. We also thank the workers of the mess who were able to sustain our spirits with varieties of Gujarati cuisine. We place on record our special gratitude towards Prof. Ranjana Harish who coordinated the course. We also thank our co participants for being such wonderful friends in motivating and encouraging each other.

## 6th Refresher Course in English

**Report**

Paavan Pandit
(J.G. College of Commerce)
&
Deepika Rupani
(C.U. Shah Arts College)

Department of English and Academic Staff College, Gujarat University, under the meticulous coordination of Dr. Ranjana Harish, arranged the 6th Refresher Course in English from March 21, 2006 to April 10, 2006 in the premises of Academic Staff College. The theme of this course was `New Literatures in English'.

We all know that unfortunately our aim in attending such Refresher Courses is mercenary to say the least, since the UGC has made them mandatory. We would like to confess here that we too started with this Course for the sake of a certificate. But as the Course opened up, we realized that in such a brief span of time we were made to travel from the fascinating world of Fiji to the world of Africa, from the Indian Dalit literature to the latest literature written in Canada, from the humanity amidst the horror of Roberto Benini's life to the intricacies of Shah Rukh Khan's paheli. We felt almost transported, not only spiritually but also intellectually.

But all this would not have been possible had we not got such excellent resource persons. The credit for that goes solely to Prof. Ranjana Harish for ensuring that we got the best teachers available from all over the country. We even had someone from Japan to give us an international perspective. We all realize that it must have been a herculean task to achieve what Prof. Ranjana Harish did, and we are deeply grateful to her for it.

**Participants :**

26 enthusiastic English teachers attended the Refresher Course for 21 days from 9:30 A.M. till 5:15 P.M. The Participants' enthusiasm was excellent and their active participation made the entire course a memorable event. Undoubtedly the course has really been refreshing for the participants.

**Lectures / Sessions :**

The course was designed for 21 days. In all 18 working days were conducted. 72 sessions were conducted where in experts from different parts of India as well as from Ahmedabad delivered thought provoking and refreshing lectures.

**Scholars :**

In all 21 resource scholars from various universities of India as well as from Gujarat University shared their knowledge and researches with the participants. The sessions were lively, intellectual, thought provoking and interactive with the presence of the resource person. The participants of the 6th Refresher Course will definitely remember Prof. Riho Isaka (Tokyo University, Japan); who delivered a scholarly talk on her experiences of translating Indian texts into Japanese. The most uforgettable lectures were delivered by Prof. Harsih Narang (JNU, Delhi), Prof. Jameela Begum (Kerala Uni.), Prof. Sachidanand Mohanty (Hyd. Central Uni.), Prof. Rajul Bhargav (Rajasthan Uni.), Dr. Sudha Rai (Rajsthan Uni.), Dr. Rama Nyer (Osmania Uni.) and not forgetting the most lively session by Prof. Ranjana Harish on `Film As A Text: Its Appreciation And The Theory Of Interstices'.

**Discussions :**

Every session was followed by lively discussions and all the participants enthusiastically came forward with their interpretations, ideas that made the sessions more interesting. The resource persons too welcomed the discussions.

**Presentations / Test :**

All the participants presented papers on various topics ranging from `Problems of Teaching English in Gujarat' to `The Feminist Reading of Contemporary Canadian Drama'.

Based on all the 72 lectures, a test was given to the participants at the end of the course. Discussions, Presentation and Test were important for evaluation on the basis of which the participants were given grades.

**Coordination :**

The key aspect in making the entire course successful was the coordination, which was handled by Prof. Ranjana Harish. Her support and continuous presence through out the course made the participants feel at home. Another thing that we have realized is that she not only talks of human rights and social reforms etc., but is more than willing to take a stand and fight for them. This resulted in our getting to sit in the A.C. Computer Lab; this definitely improved our concentration and productivity during the lectures rather than getting baked in the oven of the Lecture Room and focusing on the heat.

**Administration :**

The staff members of the Academic Staff College have been helpful to the participants as well as to the resource persons in making them comfortable at the guest house.

Finally, as the participants of the refresher course we believe that without the presence of Prof. Ranjan Harish it would not heave been really refreshing. On

